MasterClass™ Training & Consulting LLP
Mumbai: 1301-C, Palash Towers, Veera Desai Road, Andheri (W), Mumbai 400 053. Tel: (91-22) 2679 0000
Email: simplified@themasterclass.in Website: www.themasterclass.in

# ધંધાકીય વ્યૂહરચના અને અમલીકરણ યોજના માટે માસ્ટર મંત્ર

**મુંબઈ, ૨૩ ઓગસ્ટ, ૨૦૧૧:** વૈશ્વિક સ્તરે આર્થિક કટોકટીનો બીજો દોર ઝળુંબી રહ્યો છે ત્યારે સર્વ નાણાકીય, વેપાર અને ઔદ્યોગિક પાયા પણ હચમચી ગયા છે. હાલમાં જે સંકટનો દોર ગુજરી ચૂક્યો છે તેના પુનરાવર્તનની આશંકાથી લોકો ભયગ્રસ્ત છે. હવે આર્થિક કટોકટીનાં વધતાં મોજાંમાંથી આપણને તારવી શકે એવો માર્ગ મળવાની આશા રાખ્યા વિના કોઈ છૂટકો નથી.

આવી કટોકટીની પળો આપણને આપણાં લક્ષ્યો હાંસલ કરવા માટે આપણી વેપાર વ્યૂહરચનાઓની નવી વ્યાખ્યા કરવાનું અને આકલન કરવાનું શીખવે છે. અમુક વાર આપણને તે નવાં લક્ષ્યો ઓળખી કાઢવામાં, નવાં ટાર્ગેટ નિર્માણ કરવામાં અને તેવી જ અન્ય સ્થિતિઓમાં પણ મદદરૂપ થાય છે. આ વિચારોને ધ્યાનમાં લેતાં મેનેજમેન્ટ ગુરુઓ આર્થિક મંદીઓની કોઈ પણ પરિસ્થિતિમાં આપણો અભિગમ બનાવી શકે અથવા તોડી શકે એવી અંતઃદૃષ્ટિ આપે, જેથી આપણે આર્થિક કટોકટીના સમયમાં પણ આગળ વધી શકીએ.

વ્યૂહરચના અને માર્કેટિંગ ગુરુ **અંબરીશ છેડા**એ જણાવ્યું હતું કે; "આજે કંપનીમાં દરેક સમાંતર ચાલી શકે તે માટે આસાન અને નવી વ્યાખ્યાની વેપાર વ્યૂહરચના અને અમલીકરણ યોજનાની તાતી આવશ્યકતા છે. વેપાર વ્યૂહરચના અને અમલીકરણ યોજના માટે ૫૦-૧૦૦ પાનાંના દસ્તાવેજ કોઈને પણ મૂંઝવણમાં મૂકી શકે છે. દુનિયાભરના ઉદ્યોગોમાં વિવિધ ક્ષેત્રોને એવો વધુ ને વધુ અહેસાસ થઈ રહ્યો છે કે આ વ્યૂહરચના એ ફક્ત ટોચના બોસ અને સિનિયર મેનેજમેન્ટ જ તળિયાની રેખા સુધારવા માગતા હોય એટલા પૂરતી સીમિત નથી".

"કોઈ પણ વિચાર કે વ્યૂહરચનાનો પ્રચાર એ બોડરૂમની બંધ દીવાલોની અંદર નહીં થવો જોઈએ, કારણ કે તેનું અમલીકરણ કંપનીના દરેક કર્મચારીઓ કરવાના છે. આથી આ જ્ઞાનનો પ્રસાર અતિ સરળ રૂપમાં કરવો હવે બહુ જરૂરી થઈ ગયું છે અને તેથી સંસ્થામાં દરેકેદરેક કર્મચારીઓ તે આસાનીથી સમજીને અપનાવી શકે".

"વેપાર વ્યૂહરચના બનાવવી અને નિશ્ચિત કરવી તથા તેને વેપાર માટે સરળ રીતે અમલીકરણ યોજનામાં પરિવર્તિત કરવાની જરૂરત છે, જેના પર માસ્ટરક્લાસનું જોર છે", એવું **માસ્ટરક્લાસ ટ્રેનિંગ એન્ડ કન્સલ્ટન્ટિંગ એલએલપીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી અંબરીશ છેડા**એ જણાવ્યું હતું. શ્રી છેડાને આદિત્ય બિરલા રિટેઈલ લિ. અને ફ્યુચર ગ્રુપ જેવી અગ્રણી કંપનીઓ સાથે વ્યૂહરચના, માર્કેટિંગ અને રિટેઈલિંગના ક્ષેત્રમાં વ્યાપક અનુભવ છે. તેઓ સ્ટ્રેટેજીસિમ્પ્લિફાઈડ™ માસ્ટરક્લાસ™- હાઉ ટુ મેક એન્ડ એક્ઝિક્યુટ યોર કંપનીઝ સ્ટ્રેટેજિક પ્લાન અને રિટેઈલિંગસિમ્પ્લિફાઈડ™ માસ્ટરક્લાસ™ તેમ જ માર્કેટિંગ એન્ડ ડિજિટલ માર્કેટિંગ

સિમ્પ્લિફાઈડ™ માસ્ટરક્લાસ વર્કશોપ કોર્સના ઘડવૈયા પણ છે. વિચારક તરીકે વિવિધ રાષ્ટ્રીય અખબારોમાં તેમના ઈન્ટરવ્યુ મુલાકાતો પણ પ્રસિદ્ધ થયા છે. તેમને સીઆઈઆઈ, ફિક્કી અને મહારાષ્ટ્ર ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા અનેક પરિસંવાદોમાં સંબોધન કરવા પણ બોલાવાયા છે.

સ્ટ્રેટેજી સિમ્પ્લિફાઈડ™ એ ભારતમાં પહેલી જ વાર રજૂ કરાયેલી એવી પદ્ધતિ છે, જે કંપનીઓને કોઈ પણ પ્રકાર, કોઈ પણ આકાર અને કોઈ પણ ઉદ્યોગને ૫૦થી ૧૦૦ પાનાંના અહેવાલ કે પ્રસ્તુતિકરણને બદલે મુખ્ય કામગીરી ઈન્ડિકેટરો અને માઈલસ્ટોન કેલેન્ડર સાથે **૨થી ૪ પેજનો સિમ્પ્લિફાઈડ સ્ટ્રેટેજિક પ્લાન અને એક્ઝિક્યુશન પ્લાન** વિકસાવવામાં મદદરૂપ થાય છે. આ ૨થી ૪ પાનાંની સરળ રીતની યોજના બધા ટોચના વ્યવસ્થાપકોને વ્યૂહાત્મક અને અમલીકરણ રિવ્યુ મિટિંગ યોજવા માટે આગામી ૩થી ૫ વર્ષ માટે ઉપયોગી થઈ શકે. સંપૂર્ણ કંપનીમાં ઉત્પાદકતા, નફાશક્તિ અને વૃદ્ધિ સુધારવામાં મદદરૂપ થવા માટે વ્યૂહાત્મક અને અમલીકરણ સાથે ઉપયોગ કરવા માટેનું આ શક્તિશાળી સાધન છે.

માસ્ટરક્લાસનો અનુભવ શ્રી અંબરીશ છેડા દ્વારા જાતે પ્રદાન કરાશે અને સ્ટ્રેટેજીસિમ્પ્લિફાઈડ™ વર્કશોપ ખાતે મોવડીઓ તેમની સંબંધિત કંપનીઓ માટે નિમ્નલિખિત વિકસાવી શકશે:

- કંપનીના વિઝન, મિશન અને વેલ્યુ સ્ટેટમેન્ટ બનાવવા, સ્વોટ (SWOT) વિશ્લેષણ કરવું, ટાર્ગેટ માર્કેટ નિશ્ચિત કરવી, કસ્ટમર વેલ્યુ પ્રપોઝિશન બનાવવું, લાંબા ગાળાનાં વ્યૂહાત્મક લક્ષ્યો સ્થાપિત કરવાં, ડીએનએની પરખ, સફળતાનાં મુખ્ય પરિબળો ઓળખવાં, લાંબા ગાળાનાં વ્યૂહાત્મક લક્ષ્યોને ટૂંકા ગાળાના હેતુઓમાં બદલવાં - કેપીઆઈ અને માઈલસ્ટોન કેલેન્ડર સહિત, દરેક હેતુ માટે અમલીકરણ યોજનાનો વિકાસ, વ્યક્તિગત અમલીકરણ યોજનાઓ બનાવવી.

આ એક મહિના લાંબા વર્કશોપને અંતે મોવડીઓ તેમની કંપની માટે **૨ થી ૪ પેજ સિમ્પ્લિફાઈડ સ્ટ્રેટેજિક અને એક્ઝિક્યુશન પ્લાન** ધરાવશે, જે તેઓ તેમની કંપની સાથે સ્વીકૃતિ અને સમાયોજન માટે ઉપયોગી કરી શકશે. વર્કશોપમાં તમને આસાન ટેમ્પ્લેટ્સ અને વર્કશીટ્સ આપવામાં આવશે, જે ભરવાથી તમને સરળ વ્યૂહાત્મક યોજના અને અમલીકરણ યોજના વિકસાવવામાં મદદ થશે.

**માસ્ટરક્લાસ™ ટ્રેનિંગ એન્ડ કન્સલ્ટિંગ એલએલપી વિશે**

માસ્ટરક્લાસ™ સેમિનારો, વર્કશોપ અને કન્સલ્ટિંગ સેવાઓ ઓફર કરે છે, જેમાં સ્ટ્રેટેજીસિમ્પ્લિફાઈડ™, માર્કેટિંગ એન્ડ ડિજિટલ માર્કેટિંગ સિમ્પ્લિફાઈડ™, રિટેઈલિંગ સિમ્પ્લિફાઈડ™નો સમાવેશ થાય છે. ઉપરાંત ફાઈનાન્સસિમ્પ્લિફાઈડ™, ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજી સિમ્પ્ફિાઈડ™ અને સોફ્ટ સ્કિલ્સ સિમ્પ્લિફાઈડ™ પર સેમિનારો અને કાર્યશાળાઓ ઓફર કરે છે.

**MasterClass™ Training & Consulting LLP**
**Mumbai:** 1301-C, Palash Towers, Veera Desai Road, Andheri (W), Mumbai 400 053. Tel: (91-22) 2679 0000
Email: simplified@themasterclass.in Website: www.themasterclass.in

માસ્ટરક્લાસ™નો મુખ્ય ઉદ્દેશ અને ધ્યેય, ભારતીય કંપનીઓ અને લોકોને દેશભરમાં વિવિધ માધ્યમો દ્વારા, ઉદ્યોગ જગતના વ્યવહારિક અનુભવવાળા પ્રોફેશનલો થકી, સરળ પ્રશિક્ષણ કાર્યક્રમ, સાધનો અને સલાહસેવા ઉપલબ્ધ કરાવીને તેમને સફળતાની ઊંચાઈએ લઈ જવામાં મદદરૂપ થઈને આપણા દેશનો આર્થિક વિકાસ કરવામાં યોગદાન આપવાનું છે.

**વર્કશોપની વિગતો**

‘‘સ્ટ્રેટેજીસિમ્પ્લિફાઈડ™ માસ્ટરક્લાસ™- હાઉ ટુ મેક એન્ડ એક્ઝિક્યુટ યોર કંપનીઝ સ્ટ્રેટેજિક પ્લાન’’ એ મુંબઈમાં ૮ સત્રોનું વર્કશોપ છે, જે ૧૧ સપ્ટેમ્બર, ૨૦૧૧ થી દર શનિવાર અને રવિવારે સવારે ૯ થી બપોરે ૧ વચ્ચે ચાલશે. વધુ વિગતો માટે સંપર્ક: **(022) 2679 0000** અથવા ઈમેઈલ કરો: simplified@themasterclass.in અથવા મુલાકાત લો: www.themasterclass.in

**વધુ વિગતો માટે કૃપા કરીને સંપર્ક સાધો:**
સુનીલ રામકૃષ્ણન/ મીરલ સાલિયા
ઋગ્વેદ કન્સલ્ટન્સી એન્ડ સર્વિસીસ
sunil@rigvedaconsultancy.com
meeral@rigvedaconsultancy.com



**Strategy & Marketing Guru Ambrish Chheda**